# NATIONAL ASSOCIATION FOR THE BLIND
# ANAND
## (રાષ્ટ્રીય અંધજન મંડળ - આણંદ)

રાષ્ટ્રીય અંધજન મંડળ આણંદ જિલ્લા શાખા

વાર્ષિક અહેવાલ

વર્ષ- જાન્યુઆરી 2020 થી સપ્ટેમ્બર 2020

DJ HOSTEL, NEAR PANCHAYAT HOSPITAL, NANA BAJAR, VALLABH VIDYANAGAR - 388120

MO. 9925235558, 9499613337

**WEBSITE: www.nabanand.org GMAIL : nabanand@gmail.com**

આ વાર્ષિક અહેવાલ રાષ્ટ્રીય અંધજન મંડળ - આણંદ દ્વારા ચાલતી દિવ્યાંગ વિકાસની પ્રવૃત્તિઓ અને કાર્યનું પ્રતિબિંબ છે.

## તા. ૦૪/૦૧/૨૦૨૦ લુઈ બ્રેલ જન્મદિવસ ની ઉજવણી

### લુઈ બ્રેલ જન્મદિવસ ની ઉજવણી



રાષ્ટ્રીય અંધજન મંડળ- આણંદ જિલ્લા શાખા દ્વારા તા. ૦૪/૦૧/૨૦૨૦ના રોજ લુઈ બ્રેલની જન્મજયંતિ નિમિતે બ્રેલ લેખન, વાંચન અને વકૃત્વની સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૧૨ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધેલ. જેમાંપ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર આપવામાં આવેલ.

## તા. ૦૬/૦૧/૨૦૨૦ લુઈ બ્રેલ પુણ્યતિથિ ની ઉજવણી

### લુઈ બ્રેલ પુણ્યતિથિ ની ઉજવણી




રાષ્ટ્રીય અંધજન મંડળ- આણંદ જિલ્લા શાખા દ્વારા તા. ૦૬/૦૧/૨૦૨૦ના રોજ લુઈ બ્રેલની પુણ્ય તિથી નિમિતે બ્રેલ લેખન, વાંચન અને વકૃત્વની સ્પર્ધાના ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. તેમજ સિદ્ધ સંકલ્પ ફાઉન્ડેશનના ફાઉન્ડર નેહાબેન ભટ્ટ, અમદાવાદ દ્વારા સંસ્થાને ૧૫૦૦૦/- ના સંગીતના સાધનો (ઓર્ગન-તબલા) વિદ્યાર્થીને શીખવાડવા માટે આપવામાં આવ્યા. બ્રેલ લેખન, વાંચન અને વકૃત્વ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થોને ટ્રોફી તેમજ પ્રમાણપત્રથી સન્માનીત કરવામાં આવ્યા. જી. આઈ. ડી. સી., વિઠ્ઠલ ઉદ્યોગનાગર દ્વારા વિદ્યાર્થીઓને બ્લેંકેટનું વિતરણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઇ પટેલ, માનદ મંત્રી શ્રી સુધાબેન પટેલ, ટ્રસ્ટી શ્રી રાધાબેન પટેલ અને સ્વયં સેવક ચિરાગભાઈ પટેલ ઉયપસ્થિત રહ્યા હતા અને મુખ્ય મહેમાન તરીકે ક્રિકેટ એસોસિએશન આણંદના દેવાંગભાઈ દેસાઇ અને જી. આઈ. ડી. સી. નાપ્રમુખ ઉપસ્થિત રહ્યા હતા.

## તા. ૧૪/૦૧/૨૦૨૦ મકરસંક્રાતિની ઉજવણી



રાષ્ટ્રીય અંધજન મંડળ- આણંદ જિલ્લા શાખા દ્વારા તા. ૧૪/૦૧/૨૦૨૦ના રોજ મકરસંક્રાંતિ નિમિતે સંસ્થાના પ્રજ્ઞાચક્ષુ બાળકોએ પતંગોત્સવનો ઉત્સાહભેર આનંદ માણ્યો અને સમગ્ર ઉત્સવનો ખર્ચ આણંદના નીકુલભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલ. જેમાં સંસ્થાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઇ પટેલ, માનદ મંત્રી શ્રી સુધાબેન પટેલ, ટ્રસ્ટી શ્રી રાધાબેન પટેલ ઉયપસ્થિત રહ્યા હતા.

## તા. ૨૬/૦૧/૨૦૨૦ પ્રજાસત્તાક દિનની ઉજવણી

### "પ્રજાસત્તાક દિનની ઉજવણી"



રાષ્ટ્રીય અંધજન મંડળ- આણંદ જિલ્લા શાખા દ્વારા તા. ૨૬/૦૧/૨૦૨૦ના રોજ પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં ગુજરાતી ફિલ્મ જગતના જાણીતા એક્ટર ચંદનભાઈ રાઠોડ દ્વારા રાષ્ટ્ર ધ્વજ ફરકાવવામાં આવ્યો.

સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ ગીતો ગાઈ અને પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઇ પટેલ, સ્વયં સેવક શ્રી ચિરાગભાઈ પટેલ ઉયપસ્થિત રહ્યા હતા અને મુખ્ય મહેમાન તરીકે ચંદનભાઈ રાઠોડ સહ પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા.

## તા. ૨૧/૦૨/૨૦૨૦ મહાશિવરાત્રિની ઉજવણી

### મહાશિવરાત્રિની ઉજવણી




રાષ્ટ્રીય અંધજન મંડળ- આણંદ જિલ્લા શાખા દ્વારા તા. ૨૧/૦૨/૨૦૨૦ના રોજ  મહાશિવરાત્રિની ઉજવણી કરવામાં આવી. જેમાં હોસ્ટેલનાના વિદ્યાર્થીઓ દ્વારા ભજનનું રસપાન કરાવ 'વામાં આવ્યું. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઇ પટેલ, માનદ મંત્રી શ્રી સુધાબેન પટેલ, ટ્રસ્ટી શ્રી રાધાબેન પટેલ ઉયપસ્થિત રહ્યા હતા. જેમાં મહેમાન તરીકે પતંજલિ યોગસમિતિ આણંદ જિલ્લાના અધ્યક્ષ શ્રી કેતુલભાઈ ભટ્ટ તેમજ ચાંગા ચારુસેટ યુનિવર્સિટીના ફિજીયોથેરાપી ડિપાર્ટમેંટ અને એન. એસ. એસ. વિભાગના વિદ્યાર્થીઓ ઉયપસ્થિત રહ્યા હતા.

## તા. ૧૦/૦૩/૨૦૨૦ કોમ્પ્યુટર ટ્રેઈનીંગ બેઝિક કોર્સ ફોર ધ બ્લાઈંડ સમાપન સમારોહ

### કોમ્પ્યુટર ટ્રેઈનીંગ બેઝિક કોર્સ ફોર ધ બ્લાઈંડ સમાપન સમારોહ




રાષ્ટ્રીય અંધજન મંડળ- આણંદ જિલ્લા શાખા દ્વારા તા. ૧૦/૦૩/૨૦૨૦ના રોજ  કોમ્પ્યુટર કોર્સ ફોર ધ બ્લાઈંડનું સમાપન સમારોહનું આયોજન કરવામાં આવ્યું. આ સમારોહમાં સંસ્થાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઇ પટેલ, માનદ મંત્રી શ્રી સુધાબેન પટેલ, ટ્રસ્ટી શ્રી રાધાબેન પટેલ અને સ્વયં સેવક શ્રી ચિરાગભાઈ પટેલ ઉયપસ્થિત રહ્યા હતા અને મુખ્ય મહેમાન તરીકે એલિકોન કંપનીના માલિક પ્રયાશ્રિનભાઈ ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહમાં ઉપસ્થિત સર્વે મહેમાનોને તુલસીના ક્યારા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું.




આ સમારોહમાં કોમ્પ્યુટર ટ્રેનિંગ માં પ્રથમ આવનાર મેકવાન ક્રિષ્ટિનાબેનને પ્રયાશ્રિનભાઈ દ્વારા સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યું અને દ્વિતીય નંબર ગાવીત આશાબેન તેમજ તૃતિય નંબર પાંડવ હિરલબેનને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવેલ.

## તા. ૧૪/૦૬/૨૦૨૦ વિશ્વ રક્તદાતા દિવસની ઉજવણી

### વિશ્વ રક્તદાતા દિવસની ઉજવણી




રાષ્ટ્રીય અંધજન મંડળ- આણંદ જિલ્લા શાખા દ્વારા તા. ૧૪/૦૬/૨૦૨૦ના રોજ  વિશ્વ રક્તદાતા દિવસ નિમિતે મેડિકલ કરમસદ હોસ્પિટલમાં સંસ્થાના વિદ્યાર્થી અગરીયા રમજાનઅલી દ્વારા રક્તદાન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના સ્વયં સેવક શ્રી ચિરાગભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# તા. ૧૫/૦૮/૨૦૨૦ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

## “સ્વાતંત્ર્ય દિનની ઉજવણી”




રાષ્ટ્રીય અંધજન મંડળ- આણંદ જિલ્લા શાખા દ્વારા તા. ૧૫/૦૮/૨૦૨૦ ના રોજ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં વિદ્યાર્થીઓએ દ્વારા દેશભક્તિ ગીતો ગાવા માં આવ્યા હતા. સંસ્થાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઇ પટેલ, માનદ મંત્રી શ્રી સુધાબેન પટેલ, ટ્રસ્ટી શ્રી રાધાબેન પટેલ સ્વયં સેવક શ્રી ચિરાગભાઈ પટેલ ઉયપસ્થિત રહ્યા હતા.